# ચાલુ વર્ષમાં રૂા.૧૫,૦૦૦ કરોડના મૂલ્યના આઇપીઓ બજારમાં આવવા માટે કતારમાં

પીટીઆઈ
નવી દિલ્હી, તા.૧૭

ચાલુ નાણાકીય વર્ષમાં રૂા.૧૫૦૦૦ કરોડ કરતા વધારે કિંમતની ઓફર સાથે વિવિધ કંપનીઓ તેમના કારોબાર વિસ્તરણ, કાર્યકારી મૂડીની જરૂરિયાત સંતોષવા તેમ જ લોનની પરત ચુકવણી માટે પ્રારંભિક જાહેર ભરણુ રજૂ કરવા માટેની યોજના ધરાવે છે.

દિલિપ બિલ્ડકોન, ન્યુ દિલ્હી સેન્ટર ફોર સાઈટ, ઉજ્જીવન ફાયનાન્સિયલ સર્વિસિસ, ક્વીઝ કોર્પ, હિન્દુજા લેયલેન્ડ ફાયનાન્સ અને સીવેઝ શિપિંગ તથા લોજીસ્ટીક્સ આગામી મહિનામાં શેર-વેચાણની ઓફર રજૂ કરવાની યોજના ધરાવે છે.

વર્તમાન સમયમાં ૨૫ જેટલી કંપની દ્વારા રૂા.૧૨,૫૦૦ કરોડનું ભંડોળ એકત્રિત કરવાની યોજના ધરાવે છે અને સિક્યુરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (સેબી) દ્વારા મંજૂરી મળેલ છે, તેમ પ્રાઈમ ડેટાબેઝના મેનેજીંગ ડિરેક્ટર પ્રણવ હલ્દિયાએ આજે જણાવ્યું હતું.

આ ઉપરાંત નજીકના ભવિષ્યમાં વધુ માહિતી ભરવામાં આવી શકે છે. આઈપીઓ મારફતે કારોબાર વિસ્તરણ માટે ભંડોળ એકત્રિત કરવાની તેમ જ કાર્યકારી મૂડીની જરૂરિયાત સંતોષવા



મદદરૂપ બનશે તેમ જ લોનની પરત ચુકવણી તેમ જ અન્ય સામાન્ય ઉદેશો પૂર્ણ કરવા માટે ઉપયોગમાં લેવામાં આવશે.

નિષ્ણાતોના મતે આઈપીઓ બજાર વર્તમાન નાણાકીય વર્ષમાં કેટલીક પ્રવૃત્તિ જોવામાં આવી શકે છે. સાત કંપની ઈક્વિટાસ હોલ્ડિંગ્સ, ઈન્ફિબિમ ઈનકોર્પોરેશન, ભારત વાયર રોપ્સ, હેલ્થકેર ગ્લોબલ એન્ટરપ્રાઈઝ, ક્વિક હિલ ટેકનોલોજી, ટીમલીઝ સર્વિસિસ તથા પ્રેસિશન કેમશાફ્ટ સાત કંપનીએ આ વર્ષે જાહેર ભરણુ રજૂ કરેલ છે.

વર્ષ ૨૦૧૫-૧૬ના અંત ભાગ દરમિયાન આઈપીઓ મારફતે એકત્રિત કરવામાં આવેલ ભંડોળનું પ્રમાણ રૂા.૧૪,૪૬૧ કરોડ હતું, જે છેલ્લા પાંચ વર્ષમાં સૌથી વધારે છે. વર્ષ ૨૦૧૪-૧૫માં તે રૂા.૨,૭૭૦ કરોડ હતું.